# અરુણોદય

વર્ષ - ૧ | અંક - ૧ | ઓક્ટોમ્બર ૨૦૨૨

myvadgam@gmail.com | nitesh.l.patel | 9429407732

## વડગામ તાલુકો – એક પરિચય

વડગામ તાલુકો ભારત દેશના પશ્ચિમ ભાગમાં આવેલા ગુજરાત રાજ્યના બનાસકાંઠા જિલ્લાનો મહત્વનો તાલુકો છે. વડગામ આ તાલુકાનું મુખ્ય મથક છે. ભૌગોલીક સ્થાન અક્ષાંશ ૨૪.૦૫ રેખાંશ ૭૨.૨૮ વડગામમાં ૧૧૦ જેટલા ગામો આવેલા છે. મુખ્ય પાકો બાજરી,મગફળી, મકાઇ, કપાસ , એરંડા, તલ, મગ, અડદ, રાઇ, ચણા, ઘઉ, બટાકા, મેથી, લસણ, રજકો, જુવાર, જવ છે. વડગામ તાલુકાના લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી, ખેતમજુરી ,ડાયમંડ તેમ જ પશુપાલન છે. તાલુકા નાં લગભગ દરેક ગામમાં પ્રાથમિક શાળા, પંચાયતઘર, આંગણવાડી તેમ જ દૂધની ડેરી જેવી સવલતો પ્રાપ્ય થયેલી છે. ઘઉ,બાજરી,રાયડો અને એરંડા મુખ્ય પેદાશો છે.કપાસ,મકાઈ,કઠોળ પણ કેટલાક વિસ્તારો મા થાય છે.શેરડી,વરી કમોદ ની ખુશ્બુ ભુતકાળ બની ગઈ છે. મુમનવાસ-મોરીયા ના પટ્ટા મા મગફળીની ઉપજ થાય છે.વડગામ તાલુકા મા ખેડૂત મહિલાઓના ભારે પરિશ્રમ ના પરિણામે દૂધનો વ્યવસાય ખુબ જ સારો વિકાસ પામેલ છે.

**" હું, નીતિન એલ. પટેલ, નવા જ્ઞાનની શોધમાં, નવા લોકોને મળવા, નવા ક્ષેત્રોને સમજવા માટે વિવિધ કાર્યક્રમો અને સ્થળો ની મુલાકાતે જવાનો અવસર પ્રાપ્ત થાય છે. આ દરેક મુલાકાત મને મારા જીવનમાં કંઈક વિશેષ આપે છે. આ પ્રવાસો મને રોજેરોજ નવું જીવન આપે છે, પણ એક વખત એવો વિચાર આવ્યો કે આ ક્ષણોને માત્ર મારા સુધી જ સીમિત રાખવાને બદલે દરેક વ્યક્તિ સુધી પહોંચવી જોયીયે. અને આ ઉદ્દેશ ને ધ્યાન માં રાખી મેં vadgam.com નામની વેબસાઈટ બનાવી છે જે વડગામ તાલુકામાં થતી વિવિધ પ્રવૃતિઓ અને ઐતિહાસિક માહિતી પુરી પાડે છે. આ સિવાય મારી વ્યક્તિગત મુલાકાતો અને પ્રવાસ નો દરેક અનુભવ ને સારી રીતે વર્ણવી શકાય તે માટે મેં readnitin.in નામ ની વેબસાઈટ શરુ કરી. સમય જતા ની સાથે વધુ લોકો આ ઉદ્દેશ માં જોડાતા ગયા અને આ પછી મને વિચાર આવ્યો કે આ દરેક માહિતી ને એકત્રિત કરીને એક પુસ્તક તરીકે લોકો સુધી પહોંચાડી શકાય તો કેટલું સારું , અને પરિણામે આ પત્રિકા ' અરુણોદય' ની શરૂઆત થઈ. "**

## વડગામ ગૌ સેવા સમિતિના યુવાનોને આજની સલામ.

સવારે એક મિત્રનો વોટ્સએપ સંદેશ મળે છે  કે વડગામમાં આવેલ હોન્ડા શો રૂમ પાસે એક બિનવારસી ગૌ માતા  લંપી નામના રોગથી પીડાય છે. આ મેસેજ માં આ ગૌ માતાના ફોટોગ્રાફ્સ પણ હતા એ જોઈને મને સહેજે ખ્યાલ આવી ગયો કે ગૌ માતા  ભયંકર યાતના માંથી પસાર થઈ રહી છે. વોટ્સએપ સંદેશ મોકલનાર મિત્ર જણાવી રહયો હતો કે કોઈ હોય તો કહો એનો મતલબ ગૌમાતાને જરૂરી સારવાર અપાવવાનો હતો. મેં તાત્કાલિક આંગળી ચિંધ્યાનું પુણ્ય મુજબ વડગામ્ ગૌ સેવા સમિતિના મિત્રોનું આ બાબતે ધ્યાન દોર્યું અને તમે નહી માનો ગૌ સેવા સમિતિના યુવાનો દ્વારા યુધ્ધના ધોરણે નિર્ધારિત સ્થળે પહોચી ગૌ માતાની સારવાર શરૂ કરી દેવામાં આવી. જીવદયાનું આનાથી ઉત્કૃષ્ટ ઉદાહરણ બીજું કયું હોઈ શકે. ધન્યવાદ છે ગૌ સેવા સમિતિ, વડગામના યુવાનોને જેઓ નિસ્વાર્થ ભાવે અબોલ જીવોની સેવા છેલ્લા કેટલાક વર્ષોથી પોતાના ખર્ચે, સમયે અને જોખમે કરી રહ્યા છે. એમના કાર્યોની સુવાસ તો બીજે પહોંચે કે ન પહોંચે પરતું પરમાત્મા સુધી તો અવશ્ય પહોચતી હશે. વડગામ ગૌ સેવા સમિતિ ના પ્રેરક જીવદયાના કાર્યોની વિગતે વાતો આપણે વેબસાઈટ ઉપર લેખ સ્વરૂપે વિગતવાર લખીશું.

નીતિન એલ. પટેલ

( વડગામ )

# વડગામ તાલુકામાંથી પસાર થતી સરસ્વતી નદીને પુન:જીવિત કરવા પાંચ કૂવા પ્રોજેક્ટ પાઇપ લાઇનનો ઉપયોગ કરી શકાય ?

એક જમાનામાં જ્યારે ખેરાલુ તાલુકામાં પાણીની અછત હતી ત્યારે હિરવાની વિસ્તારમાં પીવાના પીવાના પાણી વડગામ તાલુકામાંથી પસાર થતી સરસ્વતી નદીમાંથી લઈ જતા.

ચીમનભાઈ પટેલે આ યોજનાનું ઉદઘાટન કર્યું હતું. કહેવાય છે કે તેમાં પાંચ કૂવા બનાવવાનો પ્રોજેક્ટ હતો એટલે તે વિસ્તાર પાંચ કૂવા તરીકે ઓળખાય છે. એક કૂવો હાલ છે.

આ યોજના અંતર્ગત વડગામ તાલુકાના પિલુચા અને નાગરપુરા વચ્ચે કૂવા બનાવ્યા હતા અને તેમાં બહુ મોટી ક્ષમતા વાળી મોટરો મૂકીને પાઇપલાઇન દ્વારા પાણી લઈ જવાતું હતું.

આર સી સી ના કૂવાના ઉપર પતરાની કેબિન બનાવી હતી અને તેમાં ઓપરેટિંગ સિસ્ટમ બેસાડી હતી.

આ પાઇપલાઇન બે ફૂટ એટલે કે ચોવીસ ઇંચ ના વ્યાસની હતી જે હાલમાં પણ હયાત છે.

જ્યારે ડેમ બની ગયા પછી પાણી ઓછું થયું તો તે કૂવા સુધી પાણી આવતું. પણ બહુ મોટા પ્રમાણમાં પાણી ખેંચાતું એટલે તે કુવાથી આગળ ના વધતું.

એવું કહે છે કે હીરવાની વિસ્તાર આપણા વિસ્તાર કરતાં ઊંચો છે. જો હિરવાણી વિસ્તારમાં વહેતી નર્મદા કે ધરોઈની નહેરનું પાણી આ પાઇપ લાઇનમાં વાળવમા આવે તો સરળતાથી નદીમાં પાણી વહેવડાવી શકાય.






# બારોટજીનો ચોપડો : પેઢીનામાની એક સામાજિક પરંપરા.

ભારત ની સંસ્કૃતિ, હજુ પણ દુનિયા ની અન્ય સંસ્કૃતિ કે પરંપરાઓ થી અદભુત અને અતુલ્ય રહી છે તેના કારણમાં તેની સામાજિક પારંપરાઓ છે.... સમય સાથે તેમાં બદલાવ આવીયો છે પણ... હજુ ગામડાઓ માં તે ધબકે છે...

**અમારા વિસ્તાર અને ગામ માં વાહીવંચા કે બારોટ જી, જગાણા ગામથી હમણાં આવેલ છે તે શ્રી સવજી ભાઈ ગગાજી બારોટ છે . . તેઓ નો પરિવાર સૈકાઓ થી અમારા કુળ નું પેઢી નામું રાખે છે અને એકોતરા વર્ષે અમારે ત્યાં આવે છે. .**



આ બારોટ જી, પરિવાર ના સારા પ્રસંગો ની નોંધ રાખે છે અને તે ને માટે તેમને ભેટ આપવાનો રિવાજ છે તેને શીખ તરીકે ઓળખાય છે.. મારી પેઢી ના વડવાઓ ના નામ સાંભળી ખૂબ જ લાગણી અનુભવી...
મારુ ગામ જલોતરા ની સ્થાપના વિક્રમ સવંત 1502, ફાગણ વદ પોચમ.

ભોંયણ ગામના સોહડ મલ ભા અને સદના દે મા ના સુ પુત્ર વોસા ભા ના સાત પુત્રો પૈકી નારા ભા અને થરા ભા ભટોળે વસાવ્યું હતું....

વોસા ભા ના અન્ય પુત્રો ..

# ધન્ય હો આવા મહાનુભાવોને......



વડગામ તાલુકાના નળાસર ગામના વતની અને બનાસકાંઠાના લોકસેવક સ્વ.શ્રી ગલબાભાઈ નાનજીભાઈ પટેલ વિશેના પોતાના અનુભવો વડગામના ગાયત્રી ઉપાસક અને સમાજસેવક શ્રી મહોતભાઈ જીતાભાઈ પટેલે લખ્યાં છે જે તેમની ડાયરી માંથી લઈને અત્રે  વડગામ વેબસાઈટ ઉપર લખવામાં આવ્યો છે. આ માહિતી વડગામ.કોમને આપવા બદલ શ્રી મહોતભાઈ જીતાભાઈ પટેલનો અંત:કરણપૂર્વક આભાર...

બનાસડેરીના એક પ્લાન્ટનું ઉદ્દઘાટન હતું. દૂર દૂર થી આમંત્રિત મહેમાનો તથા અધિકારી વર્ગ ડેરીના એક સભાખંડમાં ઉપસ્થિત થયો હતો. સભાખંડમાં ઘણા લોકો આવતા હતા અને ઘણા બહાર જતા હતા. થોડીવાર પછી જમણવાર થવાનો હતો.

**દૂરથી એક માણસ ખાદીના સાદા કપડાં, ઝભ્ભો અને ધોતી, માથે ખાદીની સફેદ ટોપી પહેરીની આવતો દેખાયો તેના મોંઢા પર થાકની રેખાઓ સ્પષ્ટ દેખાતી હતી પણ જલ્દી જલ્દી તે સભાખંડ તરફ આવી રહ્યો હતો. હાથમાં એક સાદી થેલી હતી તેમાં કંઈક મહત્વના કાગળો હતા.**

હું જ્યાં બેઠો હતો ત્યાં સભાખંડની શેતરંજી પર નીચે જ મારી જોડે બેસી ગયો. મેં સામે જોયું તો આતો બનાસડેરીના ચેરમેન અને બનસાકાંઠા જિલ્લા પ્રમુખ  શ્રી ગલબાભાઈ નાનજીભાઈ પટેલ હતા. મને નવાઈ લાગી કે જેને ત્યાં ડેરીમાં આટલું મોટું ફંકશન છે, , જેણે આટલા લોકોને ડેરીમાં આમંત્રણ આપ્યું છે અને તે માણસ આમ સાદા ડ્રેસમાં અને અમારી વચ્ચે કેમ બેસી ગયો. સામે જ મોટા મહેમાનો અને અધિકારીઓ માટે ખુરશીઓ ગોઠવાયેલી હતી ત્યાં કેમ નહી ? મને ખૂબ જ સંકોચ થયો. હું કંઈ બોલી શક્યો નહી. પણ મારી જોડે બેઠેલા એક ભાઈએ કહ્યું. " અરે ગલબા કાકા આપ અહીંયા નીચે ક્યાં બેસો છો ?" સાહેબ આપને તો ત્યાં અધિકારી સાહેબો જોડે ખુરશી પર બેસવાનું હોય. અહીં નીચે બેસીને અમેને શરમાવો છો.

તેમના કપડા થોડા મેલાં પણ હતાં. તેમણે કહ્યું  **"ભાઈ ઉપર અને નીચે બધે બેસવાનું જ છે ને હું તો મારા ભાઈઓ જોડે નીચે બેસું તો જ ફાવે."** આ જુઓને ખુરશીમાં બેસી બેસીને હું તો કંટાળી ગયો છું મને નીચે કોઈ બેસવ દેતું જ નથી.

ફરી બીજા ભાઈએ પૂછ્યું "સાહેબ તમારે ત્યાં આટલું મોટું ફંકશન છે ને વાંસામાં ફાટેલો ઝભ્ભો પહેરીને કેમ  આવ્યા છો ? અને આ કપડા પણ મેલા જેવા દેખાય છે."

તેમણે જવાબ આપ્યો "ભાઈ અમારે ક્યાં શાંતિ હોય છે." આ ત્રણ દિવસથી સરકારી કામે અમદાવાદ ગયો હતો આજે જેમ તેમ કામ નિપટાવીને ડેરીમાં પ્લાન્ટનું  ઉદ્દઘાટન હોવાથી ગાડીમાં દોડતો દોડતો આવ્યો. આ ત્રણ દિવસથી ગાડીમાં બેઠા બેઠા આ ઝભ્ભો જુનો હ્તો અને વાંસા માંથી જળી ગયો હોવાથી ફાટી ગયો. આ ઘેર ન્હાવા ધોવા જવાનો સમય ન મળવાથી કપડા પણ મેલાં થયા છે પણ શું કરું દોડધામથી થાકી ગયો છું. મેંલા કપડાથી કોઈ કાઢી થોડું જ મુકવાનું છે.

એક ભાઈ એ કહ્યું  "કાકા તમારે ત્યાં અવસર છે ને તમને કોણ કાઢી મુકવાનું છે ? "આપ તો મોટા માણસ છો પણ આપની કેટલી મોટાઈ છે…"

**આ હતા બનાસડેરીના સ્થાપક ચેરમેન અને બનાસકાંઠા જિલ્લાના પ્રમુખ સ્વ.શ્રી ગલબાભાઈ નાનજીભાઈ પટેલ આપણા ગલબા કાકા….**

સીધુ સાદું એમનું જીવન અને સાદી રહેણી કરણી કોઈ સભામાં પ્રવચન કરવા ઊભા થાય તો પણ સાદી ગામઠી ભાષામાં પ્રવચન કરે. જીવનમાં કોઈ જાતનો ડોળ કે દંભ નહી તે બનાસના ગાંધી કહેવાતા.

**એટલા મોટા હોદ્દા પર હતા છતાં જરાય મોટાઈ એમનામાં દેખાતી ન હતી.**

ધન્ય હો આવા મહાનુભાવોને………

- નીતિન એલ. પટેલ




myvadgam@gmail.com  https://www.readnitin.in

અરુણોદય ને સહકાર આપી , વાંચવા માટે આપનો આભાર.